## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



૨૦૨૦માં પૂર, ધરતીકંપ, વાવાઝોડું, તીડ કોરોના અને મંદીને પાર કરીને જો જીવી ગયા તો તો પછી આપણને કોઈ મારી શકે તેવું રહેશે જ નહીં...!!

# ભાજપની ચિંતન બેઠક રદ

### કમલમમાં સ્ટાફ સિવાય કોઇને પ્રવેશ આપવામાં આવશે નહીં, કમલમનાં મુખ્ય દરવાજા પર પોલીસ કર્મીઓ તૈનાત

ગાંધીનગર,તા.૯

પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ તથા સીએમ વિજય રૂપાણીની અધ્યક્ષતામાં કેન્સવિલા ખાતે ૨ દિવસની ચિંતન બેઠકનું અયોજન થયું હતું. જે ૧૧ અને ૧૨ સપ્ટેમ્બરના રોજ યોજાવવાની હતી તે હવે ભાજપમાં વધતા કોરોનાના કેસને કારણે બેઠક રદ કરવામાં આવી છે. જોકે આ અંગેની સત્તાવાર રીતે થોડીવારમાં જાહેરાત કરવામાં આવશે. ગુજરાત ભાજપ દ્વારા કોરોનાકાળમાં મહત્તવનો નિર્ણય લેવાયો છે. આ સાથે ભારતીય જનતા પાર્ટીની ઓફિસ કમલમ કોરોનાનું એપીસેન્ટર બન્યું છે. જેથી કમલમને પણ બંધ કરવામાં આવ્યું છે. કમલમમાં ઓફિસનાં સ્ટાફ સિવાય કોઈને પણ પ્રવેશ આપવામાં આવશે નહીં. કમલમનાં મુખ્ય દરવાજા પર પોલીસ કર્મીઓ તૈનાત કરાયા છે. નોંધનીય છે કે, ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના આદેશને પગલે દર સોમવાર અને મંગળવારે મંત્રીઓ કાર્યકરોના પ્રશ્ન-રજૂઆત સાંભળવા કમલમમાં આવી રહ્યાં હતા. આ સંગઠનાત્મક સુવિધાને લીધે કમલમમાં કાર્યકરોની ભીડ ઉમટી રહી હતી. આ સ્થિતિને કારણે કોરોના કમલમ સુધી પહોંચ્યો છે. બધે સોશિયલ ડિસ્ટન્સનાં પાઠ ભણાવતી રાજ્ય સરકાર જાણે પોતે દજ બાન ભૂલી હોય તેમ કમલમમાં તથા સી.આર. પાટીલનાં ગુજરાત પ્રવાસનાં કાર્યક્રમોમાં ભીડ એકઠી થતી દેખાતી હતી. ગઈકાલે ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા પણ કોરોના સંક્રમિત થયા છે. જેઓને સારવાર માટે યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તો ભાજપના અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખ પટેલ પણ કોરોના સંક્રમિત થયા છે. હસમુખ પટેલે ગઈકાલે કોવિડ વિજય રથના લોન્ચિંગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ત્યારે હસમુખ પટેલ અને તેમના પત્નીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આમ, ભાજપના ચોથા સાંસદ કોરોના સંક્રમિત બન્યા છે. ભાજપ કાર્યાલય કમલમમાં કોરોનાના અનેક પોઝિટિવ કેસ જોવા મળ્યા છે.

કાર્યાલય મંત્રી પરેશ પટેલ ઉર્ફે મામા પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. તેમજ તેમના પત્ની અને પુત્ર પણ કોરોના પોઝિટિવ બન્યા છે. ભાજપ કાર્યાલયમાં તાજેતરમાં પૂર્વ ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. જેમાં પણ કોરોનાના કેસ વધવાની શક્યતાઓ સેવાઈ રહી છે. કમલમમાંથી કોણ કોણ કોરોનાની ચપેટમાં આવ્યાં છે તેની પર નજર કરીએ તો, પ્રદેશ કાર્યાલય મંત્રી પરેશ પટેલ, પ્રદેશ મહિલા મોરચાના કાર્યાલય મંત્રી મોના રાવલ, કમલમના ટેલિફોન ઓપરેટર રાકેશ પંડયા, પ્રદેશ કાર્યાલય મંત્રી પરેશ પટેલ, કમલમ પર સફાઈકર્મીઓને લાવનાર ડ્રાઈવર, કમલમ પરના ૨ સફાઈ કર્મચારીઓ પોઝિટિવ આવ્યાં છે. કમલમમાં કાર્યાલય મંત્રી પરેશ પટેલ કોરોનાથી સંક્રમિત થયા છે જેથી સોમવારે મહેસૂલ મંત્રી કૌશિક પટેલે કમલમમાં આવવાનુ ટાળ્યુ હતું. મંત્રી કૌશિક પટેલે સચિવાલયમાં જ રહીને વેબકેમના માધ્યમથી કાર્યકરોના તબક્કાવાર પ્રશ્નો સાંભળ્યા હતાં.

## ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ કોરોના પોઝિટિવ

### મંગળવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીની સાથે બંધબારણે બેઠક કર્યા બાદ એપોલો હોસ્પિટલમાં દાખલ થયા હતા

ગુજરાત ભાજપના નવનિયુક્ત પ્રમુખ સીઆર પાટિલ મંગળવારે અપોલો હોસ્પિટલમાં દાખલ થયા બાદ તેમને કોરોના પોઝિટિવ હોવાની વાતો વાયુવેગે પ્રસરી હતી પરંતુ ખુદ પાટિલે આ બાબતને ટ્વીટ દ્વારા રદિયો આપી જણાવ્યું કે તેમના આરટીપીસીઆર ટેસ્ટની રાહ જોવાઈ રહી છે.



આજે આ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જોકે માઈલ્ડ વાયરલ હોવાથી રવિવાર સુધી સારવાર હેઠળ રહેશે. ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે સીઆર પાટીલ ગયા મહિને નિયુક્ત થયા બાદ રાજકીય સભા સરઘસ અને રેલીઓ પર પ્રતિબંધ હોવા છતાં રાજ્યભરમાં વીજળીવેગે પ્રવાસ ખેડવાનું ચાલુ કર્યું હતું. તેમણે દક્ષિણ ગુજરાતમાં રેલીઓનું આયોજન કર્યું હતું. જેમાં કોરોનાથી સચેત રહેવાના તમામ નિયમોના લીરેલીરા ઉડ્યા હોવા છતાં રાજ્ય સરકાર મૂક પ્રેક્ષક બનીને તમાશો નિહાળી રહી હતી. રાજ્ય સરકારના આ રવૈયાની આકરી ટીકા થઈ હતી. ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે મંગળવાર સવારે મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે બંધબારણે બેઠક કર્યા બાદ એપોલો હોસ્પિટલમાં દાખલ થયા હતા. ગઈકાલે તેમનો એન્ટિજિન રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો. જે તેમને ટ્વીટ ધ્વારા જાહેર કર્યું હતું. આજે આરટીપીસીઆર ટેસ્ટ રીપોર્ટ પોઝિટિવ આવતા તેમને કોરોના હોવાનું સ્પષ્ટ થયું હતું. ઉલ્લેખનીય છે કે પાટીલે જ્યા રેલીઓ કરી ત્યા ધારાસભ્ય, મંત્રી, કાર્યકરો કોરોના ગ્રસ્ત થયા હોવાનું બહાર આવવા પામ્યુ હતું. ભાજપના પ્રદેશ હેડક્વાટર કમલમમાં પણ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા, કાર્યાલય મંત્રી ભરત પંડ્યા સહિત અડોધ ડઝનને કોરોના થયો છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાનની અધ્યક્ષતામાં આજે મળેલ ટી.બી. અંગેની સમીક્ષા બેઠકમાં જિલ્લા ક્ષયતંત્રની ઉદાસીનતા અંગે સુશ્રી દુહાને સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.
- ગાંધીનગર તાલુકામાં આજે એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ૧૦ અને ૧૧ દરમ્યાન પણ વરસાદના યોગ હોવાની વાતો છે.
- ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીનો મુદ્દો આજે ટોક ઓફ ધી ટાઉન બની ગયો હતો.
- કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા આજે યોજાનાર ઈ. લોકાર્પણના કાર્યક્રમોને લઈ જિલ્લા કલેક્ટરે અધિકારીઓ સાથે તૈયારીઓની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેરના સે. ૭ માં વધુ બે ચિકનગુનિયાના કેસ નોંધાયા છે. તંત્ર દ્વારા આ દર્દીના ઘરે એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર તાલુકા પંચાયતના હોદ્દેદારોની ચૂંટણીને લઈ આજે મનપા સેવાસદન સંકુલમાં સોશિયલ ડિસ્ટન્સીંગના લીરા ઉડ્યા હતા.

## ફતેપુરા પાસેથી દારૂની બે બોટલ સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના ગ-૫ થી ખ-૫ તરફ જવાના માર્ગ પર ફતેપુરા ગામ તરફ જવાના કટ પાસે દારૂની બે બોટલ સાથે બે વ્યકિતઓ પોલીસના હાથે ઝડપાયા હતા. પોલીસે દારૂ, મોબાઈલ અને બાઈક મળીને કુલ રૂ. ૨૦,૭૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસે બાતમીને પગલે જી.જે.૧૮.સી.કે.-૦૮૬૫ નંબરના બાઈક પર પસાર થઈ રહેલા બે યુવકોને પકડી પાડ્યા હતા. આ બાઈક પર સેકટર-૨૮ મકાન નં. ૧૩૮-૨ ખાતે રહેતા વિજય નોરતકુમાર રાવ(ઉં.૨૪) અને પ્રહલાદ દુર્ગાપ્રસાદ રાવ (ઉં.૨૭)સવાર હતા. યુવકના કમરે ભરાવેલી દારૂની બે બોટલ મળી આવી હતી. પોલીસે બે બોટલ દારુ કિં.૭૫૦, રૂ.૫ હજારનો મોબાઈલ ફોન, અને રૂ.૧૫ હજારનું બાઈક મળીને કુલ રૂ.૨૦,૭૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી ધોરણસરની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પાનસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સારથી વિષ્ણુભાઈ સાધુની ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે બદલી થતાં પાનસર કેન્દ્રના કોરોના વોરિયર્સ તરફથી તેમને વિદાય આપવામાં આવી હતી.

## રાયપુર પાસેથી જુગાર રમતા ૯ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલા રાયપુર ગામે સાબરમતિ નદી કિનારે પડતર જમીનમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૯ જુગારીઓ ડભોડા પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસે જુગારીઓ પાસેથી ૩૮,૪૮૦ રોકડા, ૮ મોબાઈલ મળી કુલ રૂ.૬૭,૪૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે કાનજી દેસાઈ નામનો વ્યકિત નદી પાસે જુગારીઓને ભેગા કરી જુગાર રમાડે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા અમદાવાદના ઘાટલોડીયાના કાનજી મોહનભાઈ દેસાઈ (ઉં.૩૩ શાંતિનિકેતન છાપરા), માનસિંગ રામહંશ કુશ્વાહા (ઉં.૩૪ કિષ્ણાપાર્ક સોસાયટી), રામકિશોર ફુલસહાય રાજપૂત (ઉં.૩૪ ધનાકાકાની ચાલી), ચાંદલોડીયાના પ્રેમસિંહ ગંભીરસિંહ રાઠોડ (ઉં.૩૬, કિષ્ણાનગર), દિપક કમલેશભાઈ ચક્રવતિ (ઉં.૨૯ કિર્તી રો હાઉસ), પ્રમોદકુમાર રામકુમાર ગુપ્તા (ઉં.૩૮ ગજરાજ સોસાયટી) ધણપનો મુકેશ લાલસિંહ યાદવ (ઉં.૪૨), બોરીજનો દિપેન્દ્ર લક્ષ્મણભાઈ કુશવાહા (ઉં.૩૨ રતનટેકરી),ન્યું રાણીપનો સુરજપાલ રઘુવરદયાલ રાજપૂત (ઉં.૪૦ પીપલેશ્વર કોલોની)નો સમાવેશ થાય છે. પોલીસો જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી ને કુલ રૂ. ૩૮,૪૮૦ રોકડા અને રૂ.૨૯ હજારના ૮ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૬૭,૪૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અડાલજ સમર્પણ ફલેટ પાસે સાયકલ ચોરીનો પ્રયાસ કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર નજીક અડાલજ અંબા ટાઉનશીપ સમર્પણ ફલેટ પાસેથી સાઈકલ ચોરને સિક્યુરીટી ગાર્ડે પકડી પાડ્યો છે. સિક્યુરીટીના કર્મચારી કિરણકુમાર શર્માએ ફરીયાદમાં જણાવ્યું છે કે મંગળવારે મોડીરાતે એક યુવક સમર્પણ સી-૫ ફલેટ ના પાર્કીંગમાં સાઈકલ ચોરી કરવાનો પ્રયાસ કરતો હતો. આ સમયે સિક્યુરીટી સુપરવાઈઝર મહેશ પટેલે આ શખ્સને ઝડપી પાડ્યો હતો.બનાવની જાણ થતા અડાલજ પોલીસ તાત્કાલીક દોડી આવી હતી.પોલીસે યુવકનું નામ પુછતા તે અસારવામાં ગજાનંદ સોસાયટી ખાતે રહેતો ૩૦ વર્ષિય વિશાલ કનુભાઈ પરમાર ઉર્ફે કિરણ ઉર્ફે હનુમાન ઉર્ફે પોપટ ઉર્ફે કિડો હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી અડાલજ પોલીસે તેની સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

